પ્રસ્તાવના.

પ્રકૃત નાટકની રચના મુખ્યતઃ મહા કવિ શેક્સપીયરના "મૅકબેથ" (Macbeth) નાટકના આધારે જ કરવામાં આવી છે. પરંતુ શેક્સપીયરનાં શોકપર્યવસાયી નાટકોની રચના આરંભથી અંતપર્યન્ત એવી તો એક રસાવલંબિની હોય છે કે, જો તેનું ગુજરાતી ભાષામાં અક્ષરે અક્ષર અનુકરણ કરીને ગુજરાતી પ્રજા સમક્ષ રજૂ કરવામાં આવે, તો કદાચિત્ ભાગ્યે જ તે નાટક પ્રજાને પસંદ પડે. અર્થાત્ પસંદ ન પડવાનો જ સંભવ વિશેષ હોય છે. એમાં શેક્સપીયરના લેખનો દોષ નથી કિન્તુ આપણા અહીંના લોકોમાં વિદ્યાનો અભાવ હોવાથી સમસ્ત ઉચ્ચ ભાવનામય લેખને સમજવાની શક્તિ નથી, એ જ એવાં નાટકો નાપસંદ થવાનું મુખ્ય કારણ છે. પરંતુ ધીમે ધીમે એ ન્યૂનતાનો પણ લોપ થશે અને આવાં નાટકો પ્રજાની પસંદગીને પાત્ર થઈ પડશે, એવી કેટલાક આસપાસના સંયોગોને જોતાં આશા રાખી શકાય છે. અત્યારે તો લોકરુચિને અનુસરીને આ નાટકમાં પણ કેટલાક નવા સુધારા વધારા કરવામાં આવ્યા છે અને મૂળ (મૅકબેથ) નાટકનો કેટલોક ભાગ છોડી દેવામાં આવ્યો છે તેમજ કેટલેક સ્થાને પ્લૉટ (વસ્તુ-સંકલના)માં પણ પરિવર્તન થએલું પ્રેક્ષકોના જોવામાં આવી શકે એમ છે.

પોતાની અતર્ક્ય બુદ્ધિથી તમોગુણી પિશાચો મનુષ્યપ્રાણીને કેવી રીતે એક પ્રકારના દુર્વ્યસનમાં પાડી દે છે અને નૈસર્ગિક શૂર-
વીર, ઉદાર, અને સરળ સ્વભાવના પુરુષના પૂર્વ ગુણોનો નાશ કરીને
તેને બધો અનીતિમાન અને પાપી બનાવી મૂકે છે, એનું
ાં ઉત્તમ ર્શન કરાવેલું છે. વળી એકવાર
જન્મ થયો, એટલે તે આ અસાર
રવા માટે કેટલા બધા પ્ર
સૂયા દેવીનો જપ
થાય છે, તો ે

વીને આ પૃથ્વીરૂપ સ્વર્ગને શોકરસ વ્યાપિની સ્મશાનભૂમિ ની મૂકે છે, એનું પણ પ્રસ્તુત નાટકમાં ઉત્તમ ચિત્ર આલેખાયું છે; અંતઃસ્થ ક્લેશોના કારણથી સ્વતંત્ર રાજ્યોનો નાશ થઈને તેમને નવીન રૂપની કેવી રીતે પ્રાપ્તિ થાય છે અને ભાવિ પ્રજાનાં સુખ દુઃખોનો તેમનાપરજ આધાર રહેલો હોય છે અથવા તો જેમના ઉપર લક્ષો હોય છે, તે બીજાઓની લોભવૃત્તિ અથવા મહત્ત્વકાંક્ષાના ઉચ્ચ પર્વત તળે દબાઈ જતાં એક પળમાત્રમાં કેવી રીતે ખરાનું ખોટું અને ખોટાનું ખરૂં થઈ જાય છે, એ પણ આ નાટકના અવલોકનથી સારી રીતે જાણવામાં આવી શકે એમ છે.

અંગ્રેજી ભાષામાં મૂળ (મૅકબેથ) નાટક ઐતિહાસિક હોવાથી તેમાંનાં કેટલાંક પાત્રોનો શેક્સપીયરથી સારો અને નાટકને શોભાવી શકે એવો અંત દેખાડી શકાયો નથી, એ બીના સૂક્ષ્મ દૃષ્ટિથી અંગ્રેજી (મૅકબેથ) નાટક વાંચનારના સહજ લક્ષમાં આવી શકે એવી છે. એટલે વિશેષ વિવેચનની કશીપણ આવશ્યકતા નથી. ચેટકીઓ (Witches) માલવકેતુ (Macbeth) ને જે વરદાન આપે છે, તેની અંતે અક્ષરે અક્ષર સત્યતા સિદ્ધ થાય છે; પરંતુ માલવકેતુને વરદાન આપનારી એજ મંત્રીઓ વસંતસિંહ (Banquo) ને પણ વરદાન આપે છે, છતાં તેની પૂર્ણતા મૂળ નાટકમાં નથી થતી. એ એક આશ્ચર્યકારક ઘટનાજ કહી શકાય. માલવકેતુને જેવી રીતે ચેટકીઓના ભવિષ્ય કથન પ્રમાણે રાજ્યપદ મળે છે, તેવીજ રીતે વસંતસિંહના હાથે પણ રાજ્યનિર્માણ શા માટે ન થવો જોઈએ? એમ ન થવાથી પિશાચિનીઓ એકને ખરૂં ભવિષ્ય કહે છે અને બીજાને અસત્ય વાર્તા કહીને નષ્ટ કરી નાખતી હોય એવોજ તેમનો સ્વભાવ જણાઇ આવે છે. સારાંશ કે, નાટકની ઉત્તમતાનો વિચાર કરતાં તો વસંતસિંહના ચારિત્ર્યનો અંત પણ ડાકિનીઓના ભવિષ્ય કથન પ્રમા[illegible] લવકેતુ જેવોજ [illegible] એ. પરંતુ “ મૅકબેથ ” નાટક ઐતિ[illegible] અને [illegible] વસંતસિંહના સંબંધમાં એમ [illegible] રૂ [illegible] હોય, એમજ જણ [illegible] ર્ણામ હોત એ [illegible] અંત નાટકને [illegible]

ભાષામાં આ નાટક ઐતિહાસિક નથી–એક રીતે એને કાલ્પનિક જ કહી શકાય, એટલે મૂળ નાટકમાં જે થોડો ઘણો દોષ રહી ગયો હતો, તેનું નિવારણ કરવાનો કેટલેક અંશે પ્રયત્ન કરવામાં આવ્યો છે. એટલે કે, શાંતિસિંહ મહારાજના યુવરાજ **વીર**કાંતને અંતે **વસંત**સિંહના હાથે જ રાજ્યાભિષેક કરાવવામાં આવ્યો છે. **માલ**વકેતુનું મરણ પણ બીજા સરદારને બદલે **વસંત**સિંહના હાથે જ કરાવ્યું છે. એથી **વસંત**સિંહના સંબંધમાં ડાકિનીઓએ ભાખેલું ભવિષ્ય પણ સંપૂર્ણતાથી સત્ય સિદ્ધ થાય છે અને કેટલેક અંશે નાટકની રસિકતામાં પણ વધારો થાય છે.

'મૅકબેથ' નાટકમાં શૃંગાર અને પ્રેમ જેવો વિષય ચર્ચાયોજ નથી અને ગુજરાતીમાં તો એવો થોડો ઘણો ભાગ જરૂર જોઇએજ એટલે **માલ**વકેતુની કન્યા **માલ**તી ને એક નવીન પાત્ર ઉત્પન્ન કરી રાજાના પુત્ર સાથે તેનો પ્રેમ સંબંધ બતાવીને તેના હાથે કેટલાંક પુણ્ય કાર્યો થએલાં દેખાડ્યાં છે, અને જેવી રીતે પાષાણુરાશિમાંથી મૂલ્યવાન્ માણિક્ય નીકળી આવે છે, તેવી રીતે **માલ**વકેતુ અને **વા**રાણી જેવાં પાપી માતા–પિતાના ગૃહમાં **માલ**તી જેવી પ્રેમશાલિની અને ધાર્મિક વૃત્તિનું કન્યારત્ન ઉત્પન્ન થાય, એ આશ્ચર્યકારક ઘટનાનો કેટલેક અંશે પરિચય આપવાનો પ્રયત્ન કરેલો છે. હવે એ પ્રયત્ન સફળ થયો છે કે નહિ, એની પરીક્ષા પંડિત પ્રેક્ષકોએ જ કરવાની છે.

તેમજ નાટકના કરુણરસોત્પાદક ભાગને વિશેષ આકર્ષક બનાવવા માટે એક બે પ્રવેશ–(બીજા અંકના પાંચમા પ્રવેશનો કેટલોક ભાગ અને ત્રીજા અંકનો બીજો પ્રવેશ) શેકસપીયરના 'કિંગજૉન' નાટકમાંથી લેવામાં આવ્યા છે, અને રુચિવૈચિત્ર્ય માટે **થં**ગેજ (કિંગજૉન નાટકમાંના હ્યુબર્ટ) ને **મુસલમાન પાત્ર બનાવીને તેના મુખમાં ઉર્દૂ ભાષા આપવામાં આવી છે અને માલવકેતુ પણ જ્યારે તેની સાથે વાતચીત કરે છે, ત્યારે ઉર્દૂ ભાષામાંજ બોલે છે આશા છે કે, એ પદ્ધતિ પણ પ્રેક્ષકોના આદરને યોગ્ય થશેજ.**

હવે ત્રી[illegible] **ો કૉમિક (Comic)**
જકાલના ન[illegible] **ગરેપૂરો પ્રભાવ**
ભાગ્યેજ [illegible]

તો લાવવોજ પડે છે. આ નાટકમાં કવિ અને નાટકવાળાઓના કૉમિક્—એક નવીન હાસ્યરસ—નું દર્શન કરાવવાનો પ્રયત્ન કરાયો છે, અને તેમાં વર્ત્તમાન કાળમાં વપરાતા કેટલાક હાસ્યોત્પાદક શબ્દો અને તેવીજ કેટલીક પદ્ધતિઓ બતાવેલી છે. એ માટે પ્રેક્ષકો કદાચિત્ એવો સંશય કરશે કે, ' **શાંતિસિંહ**ના રાજ્યત્વકાળમાં આજના સમયનો રંગ ક્યાંથી અને કેવી રીતે આવી શકયો હશે વારૂ ?' તો એ સંશયના નિવારણ માટે અમારે અહીં જણાવવું જોઇએ કે, **શાંતિસિંહ** આધુનિક કાળનો બ્રિટિશ સરકારનો મિત્ર અને સ્વતંત્ર રાજા છે, એવી કલ્પના કરવામાં આવી છે. એટલે વર્ત્તમાન કાળના એક સ્વતંત્ર રાજાના દેશમાં કેટલીક અંગ્રેજી રાજ્યની સુધારણા અને રીતિઓએ પ્રવેશ કર્યો હોય તો તે સર્વથા અશક્ય અથવા અસંભવિત તો નથીજ. અસ્તુ.

આ નાટક જોઇએ તે કરતાં ઘણીજ ઉતાવળથી લખાયલું હોવાથી જો કોઈ સ્થળે દોષનું દર્શન થાય, તો તે માટે પ્રેક્ષકો ક્ષમા કરશે, એવી આશા છે. આ નાટકમાંના મુખ્ય વસ્તુમાં જે સૌન્દર્ય અને સરસતા હોય, તે શેક્સપીયરનાં છે અને દોષ આ લેખકના છે, અમ માનવાનું છે. શ્રી નાયક નાટક મંડળીના માલેક નાયક ગોવિન્દભાઈ મોતીરામ તથા મૂળચંદ વલ્લભરામ સમજુ અને અનુભવી નાટકકાર છે, માટે આવાં નાટકોમાં પ્રજા તરફથી ઉત્તેજન મળતાંજ તેઓ વધારે સારાં નાટકો ભવિષ્યમાં પ્રજાને બતાવી શકશે, એમાં કોઈપણ પ્રકારની શંકા નથીજ.

શનિવાર તા. ૧૧ મી એપ્રીલ ૧૯૦૮. અમદાવાદ—શાંતિભુવન.	**ઠક્કુર નારાયણદાસ વિસનજી ચતુર્ભુજ, ગ્રંથકાર.**

માલવકેતુ

નાટકનો પ્રવેશ અનુક્રમથી સંક્ષિપ્ત સાર.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો:--ભયંકર અરણ્યમાં સ્મશાનભૂમિ. ચિતામાંથી ત્રણ ચેટકીઓ નીકળીને પોતાના ક્રૂર સ્વભાવનું દર્શન કરાવે છે અને **માલવકેતુ**ને પોતાના જ્ઞાનનો પ્રભાવ બતાવવાનો વિચાર કરે છે. એટલામાં નીલભુવનના રાજા શાંતિસિંહનો સેનાપતિ અને બંગાળાનો જાગીરદાર **માલવકેતુ** તથા તેનો મિત્ર **વસંતસિંહ** યુદ્ધમાં વિજય કરીને પાછા ફરતાં એ સ્મશાનમાંથી પસાર થાય છે ને તેઓ ચેટકીઓને જુએ છે. ચેટકીઓ **માલવકેતુ**ને 'કઠોરપુરના ઠાકોર અને રાજા થવાનો' આશીર્વાદ આપી તથા **વસંતસિંહ**ને 'રાજા નિર્માણ કરનાર તું થઈશ' એમ કહીને અદૃશ્ય થઈ જાય છે. **વસંતસિંહ** માયાની અસારતાનું વિવેચન કરે છે, એટલામાં **રક્તપાલ** નાગનો એક સરદાર માલવકેતુને રાજાએ અર્પેલી કઠોરપુરના ઠાકોરની પદવીના સમાચાર કહી સંભળાવે છે. ચેટકીઓની એક ભવિષ્યવાણી ખરી પડેલી જોઈને માલવકેતુના મનમાં રાજ્યપદ મેળવવાની મહત્વાકાંક્ષાનો ઉદ્ભવ થાય છે. બન્ને મિત્રો એ વિશેની વાતચીત કરતા ચાલ્યા જાય છે.

પ્રવેશ ૨ જો:—શાંતિસિંહ મહારાજનો દરબાર. શાંતિસિંહ મહારાજ **માલવકેતુ**ના પરાક્રમોની પ્રશંસા કરતા બેઠા છે. એટલાંમાં **માલવકેતુ** અને **વસંતસિંહ** આવી લાગે છે. તેમને શૂરવીરને શોભા આપનારી તલવાર અને કટાર અનુક્રમે રાજા ભેટ આપે છે અને પોતાના મોટા રાજકુમાર વીરકાંતને યુવ...
...દવી આપી ગાદીનો વારસ નીમી બીજા સરદારોને ...
ગામ ઇન્દ્રભુવનમાં પદવીદાન કરવાનો સમારંભ ..

દર્શાવે છે, અને ત્યાં પોતે જવાનો નિશ્ચય કરી કુમારોને પણ સાથે આવવાની આજ્ઞા કરે છે. વીરકાંત માલતીને મળવાનો પ્રસંગ મળ્યો જાણી હર્ષાય છે. સર્વના જવા પછી માલવકેતુ રાજા અને યુવરાજનાં ખૂન કરવાનો વિચાર કરી અદેખાઇની આગમાં બળતો ચાલ્યો જાય છે.

પ્રવેશ ૩ જો:—ઇન્દ્રભુવનમાં બગીચો. માલવકેતુની પુત્રી માલતી પોતાના પ્રેમી વીરકાંતની યાદ કરતી આવે છે, તેની બે સખીઓ ગુલાબ અને ચંપા આવી મશ્કરી કરી તેને બનાવે છે અને છેવટ ભોળી બાળા તેમને પોતાના પ્રેમનો બધો વૃત્તાંત જણાવી દે છે. સખીઓના જવા પછી ઇન્દ્રભુવનમાં આવેલો વીરકાંત પ્રિયાને મળવા બગીચામાં આવી લાગે છે ને કેટલાક પ્રેમ સંભાષણ પછી પ્રેમીજનો છૂટાં પડે છે.

પ્રવેશ ૪ થો:—રાજમાર્ગ. એક અક્કલનો પૂરો પણ ગાંઠનો અધૂરો કવિ પોતાની મુફલસી માટે બળાપો કરતો આવે છે એટલામાં કર્ણદાસ નામનો એક નાટક મંડળીનો મેનેજર કવિના શોધમાં નીકળેલો અચાનક ત્યાં આવી ચઢે છે. કવિ નોકરીની તલાશમાં હતો અને કર્ણદાસ કવિની તલાશમાં ભમતો હતો. કેટલીક વાતચીત થવા પછી મેનેજર કવિને પોતાની નાટક મંડળીમાં લઇ જાય છે અને કવિના ભાગ્યોદયનો રંગ દેખાય છે,

પ્રવેશ ૫ મો:—ઇન્દ્ર ભુવનમાં માલવકેતુનો મહાલય. માલવકેતુની પત્ની વારુણી હાથમાં માલવકેતુનું પત્ર લઇને ચેટકીઓના ભવિષ્ય કથન અને પોતાના પતિના ધર્મભીરુ સ્વભાવ વિશે વિચાર કરી જો માલવકેતુ ડગી જાય તો તેને બળાત્કારે પાપ માર્ગમાં પ્રેરવાનો નિશ્ચય કરે છે. એટલામાં માલવકેતુ આવે છે અને વારુણી તેને રાજાને મારી નાખવાનો તીવ્ર ઉપદેશ કરે છે. પ્રથમ વિશુદ્ધાત્મા માલવકેતુ એ કાર્ય કરવાના વિચારથી અચકાય છે, પણ અંતે માયા સ્વરૂપિણી વારુણીનોજ વિજય થાય છે અને ચંગેજ નામના પોતાના ...રા મારાઓને તૈયાર કરાવી કુમાર વીરકાંતના હાથનો ...વેજ લખાવી રાજાના ખૂનનો તે પણ નિશ્ચય કરે છે. ... શિરપર ઢોળી પાડીને પોતે રાજા બનવાની

ઇચ્છાથી કાવત્રું રચવા માટે તે ચાલ્યો જાય છે. વારુણી એકલી ઓના નચાવ્યા પુરુષો કેવા નાચે છે, એ વિષે કેટલુંક વિવેચન કરીને ચાલી જાય છે.

પ્રવેશ ૬ ટ્ઠો;—નાટક મંડળીનો ઉતારો. કેટલાક એકટરો (પાત્રો) સખ્ત રીતે આપવી પડતી નોકરી વગેરેનાં રોદણાં રડે છે નાટક મંડળીનો માલેક ત્રિલોચન આવે છે ને ત્યારપછી કવિને લઇને કર્ણદાસ પણ આવી લાગે છે. કવિ પોતાના નાટક વિશેના જ્ઞાનનું, એક રસમણી નામની સ્ત્રીપાત્રને અભિનય બતાવીને પ્રદર્શન કરાવે છે. નોકરીનું સાટું નક્કી થાય છે અને ત્રિલોચન રસમણીને એકટીંગ શીખવવાનું કામ કવિને સોંપીને ચાલ્યો જાય છે. એકાંતમાં કવિ રસમણીને તેનો પાઠ શીખવે છે ને પરિણામે કવિ તથા રસમણીનો પ્રેમ સંબંધ બંધાય છે.

પ્રવેશ ૭ મો:—માલવકેતુનો મહાલય. ચંપા આવીને વારુણી ને માલતી અને વીરકાંતના પ્રેમની વાત જણાવી દે છે. વારુણી ચીડાય છે, એટલામાં માલતી આવે છે તેને એક પોપટ અને પોપટીના પ્રેમમાં પારધીએ પાડેલા વિઘ્નની કથા કહીને વીરકાંતમાંથી પ્રેમને પાછો વાળવાનો ઉપદેશ આપે છે. પ્રેમી માલતી પોતાના ધર્મ અને પ્રેમમાં દ્રઢ રહે છે. કોપના આવેશમાં વારુણી 'સ્ત્રી બુદ્ધિઃ પ્રલયાવહા' એ નિયમ અનુસાર રાજા અને યુવરાજને મારવા માટેના માલવકેતુ અને પોતે રચેલાં કાવત્રાંની વાત માલતીને જણાવી દે છે, ને ચાલી જાય છે. માલતી પોતાના પ્રિયતમને એ વાત કહી તેને બચાવવા માટેનો નિશ્ચય કરે છે અને ઇશ્વરની સહાયતાની યાચના કરે છે,

પ્રવેશ ૮ મો. માલવકેતુના ઉદ્યાનમાં મહાલય. ચંગેજ એ મારાઓને લઇને દાખલ થાય છે અને રાજાને મારવાના તેમના કામમાં બરાબર ધ્યાન આપવાની સૂચના કરી બગીચામાં છુપાઇ જવા માટે રવાના કરી દે છે. માલવકેતુ પણ આવે છે અને બન્ને સલાહ કરે છે. એટલામાં રાજા શાંતિસિંહનાં આગમનનો ધ્વનિ સંભળાય છે ને બન્ને તેને સામા લેવા માટે જાય છે. રાજા શાંતિ વીરકાંત, કુમાર સમરેશ્વર અને બીજા સરદારો આવે પ્રશંસા અને નૃત્ય ગાનનો વિલાસ ચાલે

લેવા માટે બગીચામાં જાય છે. વીરકાંત એકલો, માલતી પીરસવા આવે, તો વધારે સારૂં, એવા વિચારમાં ઉભો રહે છે એવામાં ગભરાવલી માલતી દોડતી દોડતી આવીને યુવરાજને કાવત્રાંની ખબર આપી ન્હાસવાનું કહે છે. વીરકાંત પોતાના પિતાને બચાવવાની ઇચ્છા કરે છે, એટલામાં જમવા બેઠેલા રાજાનું ખૂન થવાથી ખુન ખૂનના અવાજો સંભળાય છે. ચંગેજ; માલવકેતુ અને બીજા સરદારો રાજાના શબને લઇને આવે છે અને મારાઓ પાસેથી નીકળેલા વીરકાંતના દસ્તાવેજ (બનાવટ કરીને લખેલા દસ્તાવેજ) ના આધારે તેનેજ પોતાના પિતાનો ખુની ગણીને કેદ કરી લે છે. માલતી કાંઇકિ બોલવા જાય છે, પણ વારુણી તેને અટકાવી દે છે.

પ્રથમ અંક સમાપ્ત.

અંક બીજો.

પ્રવેશ ૧ લો:—**ઇન્દ્રભુવનમાનું સભાગૃહ:** કેટલાક સરદારો આ નશ્વર વિશ્વની ક્ષણભંગુરતાના વિચારમાં લીન થએલા છે અને પોતાના ધર્માત્મા રાજા **શાંતિસિંહના** અચાનક મરણ માટે અફસોસ કરતા બેઠા છે. **માલવકેતુ** કામચલાઉ રાજા નીમાઇ ચૂક્યો છે, તેની કારકીર્દી સારી નીવડે, એવી આશા રાખે છે. એટલામાં **માલવકેતુ** અને **વસંતસિંહને** આવતા જોઇ તેઓ ચાલ્યા જાય છે, વફાદાર **વસંતસિંહ** **માલવકેતુને** ચેટકીઓના ભવિષ્ય કથનનું સ્મરણ કરાવીને તેણે રાજ્ય મેળવવા માટે અવસ્ય કોઇપણ કુકર્મ કરેલું હોવું જોઇએ; એમ કહીને તેના મનમાં ભય ઉપજાવે છે, અને મનમાં પાપીનો પત્તો લગાવી તેને શિક્ષા કરવાનો નિશ્ચય કરે છે. તેના જવા પછી **વારુણી** આવે છે અને રાજધાનીમાં જવા પછી **વસંતસિંહનો** વિષ પ્રયોગથી નાશ કરવાનો બન્ને પતિ પત્ની નિશ્ચય કરે છે. **વારુણીના** જવા પછી **માલવકેતુ** માયાના પ્રભાવનું વિવેચન કરે છે ને પોતે પાપી છે એમ જાણવા છતાં પાપનો ત્યાગ નથી કરી શકતો, એ માટે તે વધારે પાપ કરવાનો નિશ્ચય કરી ચાલ્યો જાય છે.

૨ જો:—**ઇન્દ્રભુવનમાં કારાગૃહ.** કેદી **વીરકાંત** ...... કરતો ઉભો છે. **ચંગેજ.** અને **માલવકેતુ**

આવે છે અને તેમણે કારાગૃહમાં એક છુપો ખજાનો દાટેલો છે અને તેની વીરકાંતને ખબર છે, એવી અફવા સાંભળેલી હોવાથી યુવરાજને તે ખજાનો બતાવવાનો આગ્રહ કરે છે, પણ વીરકાંત પોતાનું એ વિશે અજ્ઞાન જ બતાવે છે. તેને જો બીજે દિવસે ખજાનાનો પત્તો નહિ આપે તો મારી નાખવાની ધમકી આપી ચેંજ. અને માલવકેતુ જાય છે. એ પછી વસંતસિંહની મોકલેલી માલતી ગુપ્ત માર્ગથી આવીને પોતાના પ્રાણપ્રિય પ્રિયતમને કારાગૃહમાંથી ન્હસાડી જાય છે.

પ્રવેશ ૩ જો:—કવિનો ઓરડો. નાટકમાં જોડાઇ ગએલો રંગીલો કવિ પોતાના બીજા નાટકીયા મિત્રો સાથે મદિરાનો વિલાસ ચલાવે છે. મિત્રોના જવા પછી રસમણી અને કવિનો મદિરાપાનનો વ્યાપાર ચાલે છે. એક ખંધો એક્ટર ત્રિલોચનને લાવીને એ બધો વિલાસ નજરો નજર દેખાડે છે—નાટક મંડળીનો માલેક ત્રિલોચન કવિને ધમકાવે છે ને કવિ ડંડો લઇને તેને મારવા ફરીવળે છે. ટૅબ્લો થાય છે.

પ્રવેશ ૪ થો:—નીલભુવન પાસેનું અરણ્ય. માલતી વીરકાંતના દુઃખી મનનું સમાધાન કરતી આવે છે. વસંતસિંહ આવીને યુવરાજને તલવાર અને પૈસા તથા પોશાક વગેરે આપી પોતાની રાજભક્તિનો પરિચય કરાવે છે અને તેને વિદાય કરે છે. માલતી અને વીરકાંતનો વિયોગ થાય છે. એટલામાં રકતપાલ આવીને વસંતસિંહને માલવકેતુએ તેને પકડવાનો હુકમ કર્યો છે, એવા સમાચાર આપે છે અને પ્રાણ બચાવવા માટે ન્હાસી જવાનું કહે છે. વસંતસિંહ નાના કુમાર સમરેશ્વરને બચાવ્યા વિના જવાની ના પાડે છે. માલતી સમરેશ્વરને બચાવવાનું અભિવચન આપે છે અને વસંતસિંહ પણ વીરકાંતની પાછળ રકતભુવન તરફ રવાનો થઈ જાય છે.

પ્રવેશ ૫ મો:—નીલભુવનમાં માલવકેતુનું વિલાસભુવન. માલવકેતુ વીરકાંત અને વસંતસિંહના છટકી જવાથી મહા ચિંતામાં પડેલો છે; એટલામાં વારુણી આવીને આપે છે અને વસંતસિંહના પુત્રને તથા સમરેશ્વર ખવાનો ઉપદેશ કરે છે. માથાના બળ: ચલે

અંધ બનેલો માલવકેતુ વસંતના પુત્રને પોતે જ મારવાનો નિશ્ચય કરી સમરેશ્વરને મારવાનું કામ પોતાના વિશ્વાસુ સેવક ચંગેજને સોંપે છે. જરપરસ્ત–લક્ષ્મીનો ઉપાસક ચંગેજ તે કામની જવાબદારી પોતાના શિરપર લઇને લક્ષ્મીની સ્તુતિ કરી ચાલતો થાય છે.

પ્રવેશ ૬ ઠ્ઠો:—ત્રિલોચનનો ખાનગી ઓરડો. ત્રિલોચન અને કર્ણદાસની મસ્લત. ત્રિલોચને બોલાવેલી હોવાથી રસમણી આવે છે. કર્ણદાસ જઇને કવિને તેડી લાવે છે. સાઠ વર્ષની ઘરડી ગાડર જેવો ત્રિલોચન કામવિકારને વશ થઈ રસમણીના પ્રેમની માગણી કરે છે. કવિ જાહેર થઇને તેને ગાળોથી વધાવે છે અને રસમણી બાપા કહીને ચાલી જાય છે. ત્રિલોચન કર્ણદાસની સલાહથી કવિને ભાડુતી માર ખવડાવવાનો વિચાર કરે છે ને તેની ગોઠવણ કરવાની કર્ણદાસને આજ્ઞા કરે છે. કર્ણદાસ મોઢાપર હાજી હાનો પાઠ ભણીને પાછળથી તેનાપર ધિક્કારનો વર્ષાદ વર્ષાવે છે.

પ્રવેશ ૭ મો:—નીલભુવનમાં વસંતસિંહનું ગૃહ. વસંતસિંહની સ્ત્રી કૌમુદી અને તેના પુત્ર મહેન્દ્રને રક્તપાલ નસાડવાનો પ્રયત્ન કરે છે, એટલામાં કેટલાક સિપાહીઓ સાથે માલવકેતુ અને વારુણી દરવાજા તોડીને ઘરમાં દાખલ થાય છે. મહેન્દ્રનો બચાવ કરતાં ધર્મિષ્ટ રક્તપાલ વારુણીના તમંચાનો ભોગ થઇ પડે છે અને મહેન્દ્રનો માલવકેતુના હાથે વધ થતાં કૌમુદી મૂર્ચ્છિત થઇને ધરણી પર ઢળી પડે છે.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો:—કૌમુદીનો ઓરડો. કૌમુદી પુત્ર મરણનો [illegible] અને માલતી તેને આશ્વાસન આપે છે. આ.તે. નાના [illegible] રને બચાવવા અને ચંગેજનો વધ કરવા માટે તેઓ જાય છે —

પ્રવેશ ૨ જો:—કારાગૃહ. કુમાર **સમરેશ્વર** નિદ્રામાં પડેલો છે. **ચંગેજ.** એક આગની અંગીઠી અને બે લોઢાનાં સળીયાં લઈ બે મારાઓ સાથે કુમારની આંખો ફોડીને રીબાવી રીબાવી મારવાના હેતુથી કારાગૃહમાં આવે છે. **સમરેશ્વર**ને જગાડવા પછી તે બાળક પોતાના જીવને બચાવવા માટે બહુ જ નમ્રતા ભરેલી અને પત્થરને પણ પીગળાવી નાખે એવી પ્રાર્થના કરે છે. દયા અને ક્રૂરતાના યુદ્ધમાં અંતે દયાનો જ જય થાય છે ને કુમારને ભક્ષવા આવેલો **ચંગેજ**, તેનો રક્ષક બનીને તેને નહસાડી મૂકે છે. **માલવકેતુ** આવીને **ચંગેજ**ના સ્વભાવને ફરી ગએલો જોતાં જ મારાઓને તેને મારી નાખવા માટેનો હુકમ આપી ચાલ્યો જાય છે. મારાઓ જેવા તેને મારવા જાય છે કે, ગુપ્ત માર્ગેથી પાછળ આવી ઊભેલી **કૌમુદી** અને **માલતી** પોતાના તમંચાથી મારાઓને મારી નાખીને **ચંગેજ**ને બચાવી લે છે. બધાં સાથે મળી **વીરકાંત** પાસે જવા માટે ત્યાંથી વીજળીના વેગે પલાયન કરી જાય છે. **માલવકેતુ**ના પ્રયત્નો નિષ્ફળ થાય છે.

પ્રવેશ ૩ જો:–ત્રિલોચનનો ખાનગી ઓરડો. **કર્ણદાસ** અને કવિની માલેક ત્રિલોચન સામે બળવો જગાડવા માટેની કાવત્રા ભરેલી મસ્લત. **ત્રિલોચન**નો છોકરાઓ પાસેથી પરિશ્રમ કરાવીને મોજ ભોગવવાનો દેખાવ. એથી પોતાના દુર્ગુણોનો વિચાર અને ધિક્કાર થતાં **કવિરાજ** અને **કર્ણદાસ** મદિરાનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરે છે. ત્રિલોચન પાસેથી ત્રણ માસના ડિપૉઝિટ પગારની માગણી, તકરાર અને બધા ઍકટરો મળીને **ત્રિલોચન**ને મારીને લઇ જાય છે. નાટક મંડળીનું તૂટવું અને **કવિરાજ**, **કર્ણદાસ** તથા **રસમણી**નો એક નવી નાટક મંડળી ઊભી કરવા માટેનો નિશ્ચય.

પ્રવેશ ૪ થો:—રક્તભુવનમાં મહાલય. રક્તભુવનના રાજા **સમરસિંહ** તે **વીરકાંત**ના મામાની સહાયતાથી **વીરકાંત** અને **વસંતસિંહ** **માલવકેતુ** સાથે યુદ્ધ કરવા માટેનો વિચાર કરે છે એટલામાં **ચંગેજ** આવીને **વસંતસિંહ**ના પુત્રના ખૂનના સમાચાર કહી સંભળાવે છે. અગ્નિમાં ઘૃત હોમાય છે અને ત[illegible]

સૈન્ય તૈયાર કરવાની ગોઠવણ થાય છે.

પ્રવેશ ૫ મો: નીલભુવનમાં

પોતાની ઉન્માદના રોગથી પીડાતી પાપી રાણી **વારુણી**ને વૈદ્ય અને દાસીની સંભાળમાં સોંપીને **માલવકેતુ** યુદ્ધ માટે રણભૂમિ તરફ જવા ચાલ્યો જાય છે. પાછળથી નિદ્રિત અવસ્થામાં ચાલતી **વારુ-ણી**ને પોતે કરેલાં પાપોનાં ભયંકર ચિત્રો દેખાય છે. જાણે **કૌમુદી** પોતાના પુત્રના ખૂનનો બદલો લેવા માટે **માલવકેતુ**ને મારવા આવતી હોય, એવો ભાસ થવાથી **વારુણી** પોતાની કટાર કાઢીને તેને મારતી હોય એવા ભ્રમથી પોતાના જ પેટમાં ભોકી દે છે અને જાણે શત્રુને મારીને જય મેળવ્યો હોયની! એવા ભ્રમમાં પડી આ-નંદમાંજ પાપી પ્રાણનો ત્યાગ કરે છે. ભયંકર રાક્ષસીને મરણ વેળાએ પણ પશ્ચાત્તાપ થાય, એટલું ભાન પણ નથી હોતું.

પ્રવેશ ૬ ઠ્ઠો:—નીલભુવન પાસેની રણભૂમિ. લડાઈ. **વસંતસિંહ**ના હાથે યુદ્ધક્ષેત્રમાં માયાના ઉપાસક **માલવકેતુ**નો અંત થાય છે અને સ્વામીના મરણથી હતાશ થએલા **માલવકેતુ**ના સૈનિકો ન્હાસી જાય છે.

પ્રવેશ ૭ મો:—વીરકાંતની છાવણીમાં દરબાર. **વીર**કાંત, **સમરે**શ્વર, **કૌ**મુદી, **મા**લતી અને બીજા સરદારો પણ હાજર છે. **વસંતસિંહ** **માલ**વકેતુના શિરને હાથમાં ઝાલી પ્રવેશ કરે છે. **મા-**લતીની વિનતિથી તે શિરને અગ્નિદાહ કરવાની વ્યવસ્થા કરાય છે. **વસંતસિંહ** પોતે **વીર**કાંતનો રાજ્યાભિષેક કરે છે અને **કૌ**મુદી **વીર**કાંતના હાથમાં **મા**લતીનો હાથ સોંપીને આનંદમાં આનંદનો વધારો કરે છે. અંતે આનંદસૂચક આશીર્વાદ સાથે નાટકની સમાપ્તિ થાય છે.

અંક ત્રીજો સમાપ્ત.

નાટકનાં પાત્રો.

પુરૂષ પાત્રો.

શેક્સપીયરનાં નામો.	ગુજરાતી નામો.
ડંકન.	શાંતિસિંહઃ—નીલભુવનનો સ્વતંત્ર રાજા.
માલ્કમ.	વીરકાંત. } શાંતિસિંહ મહારાજના બે રાજકુમારો.
ડૉનાલ્ડબેન. ...	સમરેશ્વર. } શાંતિસિંહ મહારાજના બે રાજકુમારો.
મૅકબેથ.	માલવકેતુ—બંગાળાનો જાગીરદાર અને શાંતિસિંહનો મુખ્ય-વરિષ્ટ સેનાપતિ. (પછીથી રાજા.)
બૅંકો.	વસંતસિંહ—માલવકેતુથી ઉતરતી પંક્તિનો સેનાપતિ.
રૉસ્.	રક્તપાલ—શાંતિસિંહના દરબારનો એક વફાદાર સરદાર.
હ્યૂબર્ટ (કિંગ જૉન.)	ચંગેજ—માલવકેતુનો એક લાલચી મદદગારપણા પછીથી વીરકાંતનો વફાદાર સરદાર.

સરદારો, મારાઓ, વૈદ્ય, જાસૂસ, સૈનિકો, ચોપદાર, ભાટ, ઈત્યાદિ.

નવાં વધારેલાં પુરૂષ પાત્રો.

સમરસિંહઃ—રક્તભુવનનો રાજા વીરકાંતનો મામો.

મહેન્દ્રઃ—વસંતસિંહનો પુત્ર.

ત્રિલોચન—એક નાટક મંડળીનો માલેક.

કર્ણદાસ—નાટક મંડળીનો મેનેજર.

રમાનન્દ—એક રંગીલો કવિ.

સેનાપતિ, નાટકના છોકરાઓ, મોટા ઍક્ટરો,

સ્ત્રી પાત્રો.

શેક્સપીયરનાં નામો.	ગુજરાતી નામો.
લેડી મૅકબેથ. ...	**વારુણી**—માલવકેતુની પાપી પત્ની.

ચેટકીઓ, દાસી ઇત્યાદિ.

નવાં વધારેલાં સ્ત્રી પાત્રો.

માલતી—માલવકેતુ અને વારુણીની પુત્રી. પછીથી વીરકાંતની રાણી.

કૌમુદી—વસંતસિંહની સતી સ્ત્રી.

રસમણી—નાટકમાંની એક ઍક્ટ્રેસ અને પાછળથી કવિ રમાનંદની સ્ત્રી.

ચંપા.
ગુલાબ. } માલતીની ઠઠ્ઠાબાજ સખીઓ.

સ્થળઃ—**નીલભુવન, ઇન્દ્રભુવન અને રક્તભુવન.**

ॐ तत्सत्परमात्मने नमः

માલવકેતુ

અથવા

માયા પ્રભાવ

નાટકનાં ગાયનો.

નાન્દી.

૧

મંગળકારી મૂર્તિ સારી શ્રી ત્રિપુરારિ વાહ શશિધારી—

તારણ જગ ઉદ્ધારણ સ્વામી—

ઘટઘટ છો અન્તર્યામી—

વિઘ્ન વિદારી, શાંતિ પ્રસારી,

તારો તારો...આ...વારી...

ચરણ શરણ નિજ બાળક રાખી;

સકલ પ્રણવમણિ રહસ્ય દાખી—મંગળકારી.

પ્રથમ અંક.

ચેટકીઓ:— ૨

કોણ માનવની પાપબુદ્ધિ પલટાવે ?
હિત સમજાવે, દર્શાવે, એ...........કોણ.
શુદ્ધિ બુદ્ધિ ઉડી જતી, નીતિનો સંહાર;
ધર્મ શાસ્ત્ર લોપાય છે, થતાં સ્વાર્થ વિસ્તાર;
અંતે એથી હાનિ થતી, નરની ગતિ, નીચી અતિ,
ને ઉન્નતિ, નાશી જતી, પણ લક્ષ્મી મોહાવે—કોણ.
સારાસાર વિચારનો, થાતો છેક વિનાશ;
મહત્ત્વ—આકાંક્ષા મહા, પામતી પૂર્ણ પ્રકાશ;
અન્યાયો બહુ એથી થતા, ભવમાં છતાં, દુઃખ પામતા,
સુખ વામતા, નથી માનતા, જન પાપ નહિ ફાવે—કોણ.

વસંતસિંહ— ૩

અશુભકારી આ માયા, સત્ય ન લેશ માન;
રમણીય સુખકરણ, નિજ રૂપ મનહરણ;
ધારતી પિશાચિની—અશુભ.
પુરુષો ભ્રમણામાં પડે, મીઠાં વચન સૂણી;
થાય નરકે પતન, અંતે ન શુભ કાંઇ—અશુભ.

દરબારીઓ:— ૪

વૈરિસાલ, વીરભાલ, શત્રુકાળ, છો નૃપાળ;
વિજયમાળ, ધારી આજ, રાજતા સિંહાસને—વૈરિસાલ.
સદા મુકુટ અવિચળ રહો, બનો રાજ્ય બળવાન;
ર ભૂપાલનું, વધો પ્રજામાં માન;

ધર્મ ધુરીણુ ધર્મરાજ, ઇચ્છતો સભાસમાજ,

રાખી હૃદય દેશદાઝ, રાજ્યશકટ ચલવવા જ—વૈરિસાલ.

માલવકેતુ:— ૫

મારી ચોરી અસિ ધારી, છેદું કાયા રિપુની ભારી;

બનવું બસ એજ ઉપાય કરી આ રાજતાજ ધારી—

ઝટપટ ખટપટ કરીને લૈ લઉં (૨)

એ નૃપાળને નૃપકુમારના રાજ્યરાસની લીલા,

કંઇ એવી યુક્તિ ખેલું;

આફતમાં એને ઠેલું;

આહા હા હા હા—વાહ વાહ—જે મારો શત્રુ

ભવમાં કયમ તે જીવે જીવન ધારી ?—મારીચોરી.

માલતી:— ૬

જાદુ એ શો કીધો સજની !

હું તો વ્યાકુળ થઈ ગઇ, નહિ ચેન ચિત્તમાં આવેરે હાં—જાદુ.

કોઈ પિયુને લાવો જાવોરી—

જાય કયમ દિનરાત તે વિણ !

મંત્ર એવો કરી ગયો સુખ હરી ગયો આજરે હાં—જાદુ.

પ્રેમ પામી ન પ્રણયને પામી;

ચિત્ત માંહીં વિરહવેદના ભારી જામી;

ચંદ્ર ! ચિન્તા ન કરી કેમ આ ચકોરીની ?

આપો શાંતિ દઇ દર્શન, કહે દારા, સ્વામી !—જાદુ.

સખીઓ:— ૭

આજ સખી રસિયાના રંગે છે, પ્રેમના પૂરા ઉમંગે;

જરાએ લજ્જાએ ન જોને અલી—

કામશર વાગ્યું અંગે—આજ સખી

માલતીઃ—આમ શાને સખી રે સતાવો તમે ?
સખીઓઃ—પ્રેમ કસ્તૂરી શાને છુપાવો તમે ?
માલતીઃ—એક મુગ્ધાને શાને બનાવો તમે ?
સખીઓઃ—બ્હેન ! વ્હાલાને વેગે બોલાવો તમે;
વિરહ અનળ શાંત થશે રસિક હૃદય ભેટતાં—
માલતી—બોલો નહિ મારા સંગે—આજ સખી.

૮

શાર્દૂલ વિક્રીડિત.

વીરકાંત—કાન્તે ! જા ઝટ ગેહમાં અહીં નહિ ઉભી રહે તું જરી;
વેળા વર્ત્તતી ચન્દ્રના ગ્રહણની કાળી બની શર્વરી;
ભાળી આ તવ નિષ્કલંક મુખને રાહુ પડી ભ્રાન્તિમાં;
નાખે દૃષ્ટિ, કલંકયુક્ત વિધુને ત્યાગી, છટા કાન્તિમાં.

૯

માલતી—મારા છેલા, થાઓ શું આમ ઘેલા, સતાવો નાહીં અબળા—
પિયુ પ્યારા આ દારા આજ હારી—
વીરકાંત—મને મદનની મારી તેં કટારી—
આંખલડી કામણગારી—
માલતી—મારી મોહાવી નારી—
વીરકાંત—વિધુવદની !
માલતી—છબિ મદની !
વીરકાંત—અમૃત ખની, ભરી રસની—મારા છેલા.
માલતી—મધુરાં વચન બોલી, ચિત્તમાં ન ચાહ રાખે;
કપટી પુરુષ એવા હોય !
તે એવું ન સોહાય—જીવ જાય, શોક થાય,
ન [illegible]વાય—મારા છેલા.

૧૦

માલતી—જાવો દીપાવો સભાને વિલાસી, વેગે ફરીથી પધારો—
પ્રમાદે વિષાદે ન ભૂલી જશો—જાઓ.
વીરકાંત—કોમળ નારીએ સ્નેહથી બાંધ્યો,
માલતી—સંબંધ સાંધ્યો, છો સ્વામીજી મારા;
વીરકાંત—શાને નવેલી તું ઘેલી બની ?
માલતી—એલી ઘેલી બની પ્રેમ-ઘેલી—
પ્રમાદે વિષાદે ન ભૂલી જશો—જાવો.

૧૧

કવિરાજ—આ હા હા-કવિતા કવિતા તારી, કળિયુગમાં નબળી ભારી,
આ કેવી અફસોસની ગતિ-
આ હા હા સવિતા સવિતા કે'તા, કવિ જનને લોકો દેતા,
ના લક્ષ્મી, પીડા નહીં જતી—
દેખાવ મોટા સંસારમાં, વ્યવહાર ખોટા ઘરબારમાં—
ભીખારી ભુખ્યા નામે કવિ પણ,
નસીબની એ બલિહારી છે—

વારુણી:— ૧૨

આવો નિશાનાથ, માથાના મુકુટ મારા,
નયનના તારા, તારા સારા દર્શ વિના;—
અંધ બની—વિલંબ કરી તરસાવી શાને દારા ?—આવો૦

માલવકેતુ:—

દિવસ તેજ જ્યાં સુધી છે, નભે ચંદ્ર ન કદાપિ વિલસે;
રજની આવે, શશિ લાવે—આવો૦

વારુણી:— ૧૩

અબળા નરને નાચ નચાવે, એજં

રાત અંધિયારી. જેવી ધૂતારી હમારી નારી—
નારી અકળ કળા—અબળા૦
નર અસિ ધરી અરિ બહુ મારતા-
કાપતા રણમાં ક્ષણમાં, શ્રમ નરને મહા—
નર, દારથી મદ મારથી જાયે હારી—
કંઈ પરિશ્રમ વિણ—સુણી રમણી વચન, તરત નરમરણ-
તન મન ધન હરણ કરતી અબળા—એજ મહા સબળા—અબળા.

રસમણી:— ૧૪

સૈયાં લગાયે દો દો નયના મયઁ દેખ આઇ—
સૈયાંકા તોતા બેવડા પીવત હય;
બ્રાંડી પીયે મોરી મયના મયઁ દેખ આઈ—સૈયાં લગાયે.
સૈયાંકા તોતા ગાંજા ફુંકત હય;
ભાંગ પીયે મોરી મયના—મયઁ દેખ આઈ—સૈયાં લગાયે.
સૈયાંકા તોતા સોડા પીવત હય;
લેમન પીયે મોરી મયના—મયઁ દેખ આઈ—સૈયાં લગાયે.

રસમણી:— ૧૫

મરદ ને મરઘડાનો શો એતબાર ?
બન્ને કહે છે કે બૈરીને માર;
ન કરતા કદર કામિનીની ગમાર;
ન હું તો કરૂં ખોટનો રોજગાર;
કદાપિ ભુંડામાં ભલાઇ ન આવે;
પુરુષ નારીને લાત જૂતી લગાવે;
બાયડી રાત ને દિન ઉઠાવે;
યે નરોની નજરમાંહીં નાવે !
સહુ મદોથી નિરાળો !

એકટર:—વાહ વાહ બેટા ! આગળ તો ચાલો !

કવિરાજ:—તારા ધગડા મરઘડાને ભૂલી જા તું;

પોપટ કે પ્રેમી કબૂતર છું હું–પ્યારી પોપટ–

રસમણી:—હાં હાં વાહ વાહ–વાહ મારા યાર–મરદ ને મરઘડાનો.

૧૬

રસમણી:—વ્હાલા મારા રંગેથી સાથે રમીશું;

કવિરાજ:—વ્હાલી મારી હૉટલમાં સાથે જમીશું.

રસમણી:—ખૂબ કરીશું વિલાસ;

કવિરાજ:—બ્રાન્ડીનો લઘ ગલાસ,

રસમણી:—પોલકાં ફેશનનાં સીવડાવું, સાડી પ્હેરૂં જાપાનની ખાસ;

કવિરાજ:—પ્યારી તારી બધી પૂરૂં હું આશ—વ્હાલા મારા.

આશક માશુકના પાઠો કરીશું;

ઘોડાગાડીમાં ઠાઠે ફરીશું;

રસમણી:—કામસાગરમાં સ્નેહે તરીશું;

કવિરાજ:—મોજ માણીને સાથે મરીશું–

રસમણી:—એવી ન વાણી, વદો છેલાણી ! મરે દુશ્મન ને

આપણ હસીશું—વ્હાલા મારા.

માલતી:— ૧૭

પ્રભુ ! ચૂડો અખંડ મારો રાખો, અશુભ કંઈ થાયે ના–

શિર નામીને વંદન એ વાર વાર વાર—

ભવસાગરથી બેડો ઉતાર તાર તાર—પ્રભુ.

પિતા પાપે પડેલા પેખાયે છે;

મતિ માતાની ભ્રમમાં દેખાયે છે;

મમ તારક તે મારક જણાયે છે;

અઘહારી હરિ તું ગણાયે છે;

વિભુ ! એકજ તું મારી સહાયે છે;
વિનતિ ધાર ધાર ધાર—પ્રભુ.

હરણારીઓ— ૧૮

આકાશે, ઉડતી જયધ્વજા, વિદારતી રિપુ હૃદય સદા;
વિલીન તારકો થતા, ઉદિત નભે વિધુ થતાં—
નૃપાળ તેજ ભાળીને શત્રુ સર્વ ભાગતા—
ગર્વસંહારક વિજયધારક રાજા તું—આકાશે.

વહારણો:— ૧૯

સ્વામી સલૂણા તારા જોબનપર જાઉં વારી;
વારી જાઉં વારી જાઉં, મીઠી વાણી પ્યારી તારી—સ્વામી.
ચિત્ત લીધું ચોરી, તેં કાળજું મારૂં કોરી;
મને પ્રેમપંથે દોરી, બળે વિરહે આ ગોરી;
આવો આવો સ્યામ નહીં તરસાવો,
પ્રેમધારા **અમૃત**ની વરસાવો—આવો આવો રે—
પલ પલ તલસે નારી—સ્વામી.

દ્વિતીય અંક.

સરદારો:— ૨૦

"ચટપટ ચેત હેત કર હરિ શું મરણ ભમે છે માથે જી;
ધામ ધરા ધન સુત ધણિયાણી સેવક નાવે સાથે જી—ચટપટ.
હોય લાખ તે રાખ બરાબર તેમાં નહિ કાંઇ તારૂં જી;
ધન સાંચ્યું પણ ધર્મ ન સાંચ્યો કાં જનમારો હારૂં જી—ચટપટ.
મોટપણાનું માન ભરાયું, મારે કાંઇ ન સૂજે જી;
જમના કિંકર જોશો ત્યારે થર થર કાયા ધ્રૂજે જી—ચટપટ.
સત્સંગ અંગ હોય નિર્મળ, રંગ હૃદયમાં લાગે જી;
"મ [illegible] પરખે, તો ભવનો ભય ભાગે જી"—ચટપટ.

છોટમ.

માલવકેતુઃ— ૨૧

થયો ચારે તરફ ભવમાં, મહા વિસ્તાર માયાનો;
કરે છે પ્રેમથી પુરુષો, સદા સત્કાર માયાનો—થયો.
થશું પાપી નરકવાસી, થતાં સહવાસ માયાથી;
સમજતા તોય કયમ થાતો નથી ધિક્કાર માયાનો—થયો.
નજરથી નિત્ય દેખાયે, જગત્ સંહારનારી છે;
છતાં કર્મો કરે કાળાં, લઈ આધાર માયાનો—થયો.
નથી એ માર્ગ મુક્તિનો, અચલ સુખનું ન સાધન છે;
તથાપિ રમ્ય દેખાતો, વિકટ આકાર માયાનો—થયો.
ન છુટે કોઈ કાળે તે, ફસાયો જે જરા એમાં;
હૃદય પાપી બને પૂરૂં, થતાં સંચાર માયાનો—થયો.
કર્યું જો એક પાતક તો, કરી બીજાં બહુ પાપો;
પતાકા પાપની ફરકાવવી, એ સાર માયાનો—થયો.
ફસાયો હુંય છું એના;—પ્રબળ ફન્દામહીં આજે;
થયો છે ચિત્તમાં મારા, અકળ અધિકાર માયાનો—થયો.
થશે સંહાર આ સરદાર ને નૃપ બાળકો કેરો;
નહીં તો મમ મરણ થાતાં, થશે સંહાર માયાનો—થયો.

વીરકાંતઃ— ૨૨

ક્રૂર વિશ્વ આ દિસતું—આ ધરણી ધર્મથી રહિતા—
અદયતા પ્રસરી—પાપી વિજય કરે,
ધર્મ પરાજિત થાય—ક્રૂર વિશ્વ આ.

૨૩

કવિરાજ અને કેટલાક ઍક્ટરો } ન છોડોરે જગવાસી મદિરા પીયોપીયો—
સુસ્તી ટળે, દહાડો વળે, મુક્તિ મળે—ન છોડોરે

મ્હોડું રાતું ચોળ થાય, બહુ ખવાય ને ગવાય,
પ્રિય છે પીયો મદ્ય પ્રેમની પીયાલીઓ.
જોશો પીશો, પછી આપ કહેશો કે

છેલા સુરા સુરી એ, ન છુરી સમજશો એને;
છો લોક ખોટું બોલે, તાળું ન મ્હોંડે જગને;
મન ના મુંઝાય, રણમાં ઝુંઝાય, લીયો લીયો—ન છોડારે.

સ્વ. અમૃતલાલ કેશવલાલ નાયક *

રસમણી:— ૨૪

કામણગારાની કેવી નજર લાગી !
નજર લાગીરે—નજર લાગી—કામણગારાની.
અજાળી પ્રેમના આ પાત્રકે તમામ કરી;
વિયોગે પ્રેમીના મારી, મરણનું નામ કરી;
વાગી આ કારી વ્હાલા—વિરહ કટારી વ્હાલા;
શાને વિસારી વ્હાલા—આવો હું વારી વ્હાલા—
જાઉં બલહારી વ્હાલા—નજર લાગી.

૨૫

રસમણી:—પીયો પીયાલી આ વ્હાલીના નામની:
કવિ:—દિલની દિલદાર તું, મનની મુખ્તાર તું, સંસાર સાર તું—પીયો.
જેવી રંગીલી આ સુરા, તેવી રંગીલી નાર તું;
આ મદ્ય જેવી આંખથી, જાદુ ભરી દેનાર તું;
રસમણી:—દાસી બનાવી મને તો એ દામની—પીયો.
ચારે તરફ છવાઈ આ પૂનમની ચાંદની;
સાથે મળી સુરા થતી ઈચ્છા વિહારની;
કવિરાજ:—ગર્દનમાં હાથ નાખીને આ વાર પ્યારથી;
રસમણી—પીવડાવતી આ દાર મદિરા વિકારની.
[illegible]—વિલાસનો વિકાસ થાય સંગે જે કામની—પીયો.

[illegible] સ્વર્ગસ્થ શ્રી અમૃતલાલ કેશવલાલ નાયક કૃત "ભારત [illegible] મ્હોટા ફેરફાર સાથે ઉતારી લેવામાં આવ્યું છે.

૨૬

વીરકાન્ત અને માલતી — ભવ ભય હાર, વિભુ શુભકાર,
નૌકા ડૂબે ઉદધિ મોઝાર—
દુઃખ સંકટનો કર સંહાર—

પાર તું ઉતાર—જઇએ બલિહાર—ભવભયહાર.

તાર ઝટ નિજ દાસ તમથી;

આશ કરતા નિરાશ તમથી;

નથી કોઇ બીજો આધાર- જઇએ બલિહાર.

માલતી—સંસારે સંકટ સમય, કોઇ ન રહેતા સાથ;

હવે અમારી નાથ[1] છે, નાથ[2] તમારે હાથ.

વીરકાંત:—પાંચ પાંડવાનો કર્યો, સાથ રહી ઉદ્ધાર;

કૃપા અમોપર કર હરિ, નિજ કરમાં કર ધાર—તાર ઝટ.

૨૭

માલતી—જાઓ વ્હાલા, આમ મનની હામ ન હારો;

ધારી દઢતા હૈયે સુખને ધામ પધારો—જાઓ.

વીરકાંત—પણ વિયોગે કષ્ટ થાશે-ચિત્ત આ ચીરાઇ જાશે:

માલતી—એ.........જ.........કરશે દિન સારો—જાઓ.

કૃષ્ણપક્ષમાં અલ્પ વિયોગી નિશા[3] નિશાપતિ[4] થાતાં;

શુક્લ પક્ષમાં તેજ દંપતી[5] તેજમહીં દેખાતાં—

ત્યમ દુઃખ જાશે, સુખ છલકાશે, નિશ્ચે કંથ એ ધારો.

વીરકાંતા—બોધક વચની, મૂર્તિ કવચની[6], થઇ તું સજની !

આ જીવ બચ્યો મારો—જાઓ.

---

૧ નાથ—નાથ. ૨ નાથ—પરમેશ્વર. ૩ નિશા—રાત. ૪ નિશાપતિ—ચન્દ્ર.
૫ દંપતી—પતિ અને પત્ની. ૬ મૂર્તિ કવચની—કવચ (બખ્તર ...
જેવી રીતે બખ્તરને શરીરપર ધારણ કરવાથી શત્રુના શસ્ત્રના
થતી નથી, તેવી રીતે તારા બોધક કવચરૂપ ઉ...
થઇ ગયા છે, એવો ભાવાર્થ આ પંક્તિમાં ...

૨૮

વસંતસિંહ—નૃપની સેવા બની આ તનથી—
મન મોદથકી મલકાય—બની આ તનથી.
કેતુ કરે રવિ ફસી ગયો—પણ આજ અચાનક મુક્ત થયો;
અંતે પાપીજ નિરાશ રંયો, મમ સફળ થયો અવતાર—બની આ!

૨૯

અંગ્રેજ—મયઁ ચંચલ ચલતા પુર્જા હું, બડા આકિલ બડા દાના;
મયઁ જાહિર ભોલાભાલા હું, બાતિનમેં નટખટ ફેરજાના;
દિલજંગી હું, જરસંગી હું, વાહવાહ વા હરપલ રંગી હું;
જર પાઉં કહીં; બ્હેકાઉં વહીં, કટવાઉં ગલા, સમઝાઉં મયઁ;
આફત, હયરત, વહેશત હિકમત ભરી સારી ઘાતેં મેરી
વાહ વાહ વાહ—મયઁ

કર્ણદાસ:— ૩૦

વાહ વાહજી વાહ ફસાયો આ વાંદર આ લુચ્ચા કલંદરના પંજે આવાર—
વાહ વાહજી વાહજી ડાકણુ મસાણું થાયે એની તનની એવા રૂપધાર;
પૂરો હેવાન, છે ધાન બગાડયું ને ડીલ વધાર્યું, ખર છે વિકાર;
પૂરો નાદાન, બુઢાપાને ભૂલી, વિલાસોમાં ફૂલી, થયો છે ખુવાર;
જઈ ભરાય, રંગી જવાનોમાં, પૂરુષ મહાનોમાં એ વાર વાર,
બાણુ ખાય, ગાળોના ભાથાનો, છે ઉંધા માથાનો ઉલ્લૂ સરદાર.

તૃતીય અંક.

કૌમુદી:— ૩૧

ક્યાં પુત્ર ગયો કુળદીપક મારો, અંધનયન તારો;
પાવે અન્યાયી ક્યાં ઈશ્વર ન્યાય ગયો તારો ! ;
પાળી, બાળ સંભાળી, આશ કરી મોટી;
આ [illegible] આવ્યું સૃષ્ટિ બધી ખોટી;
[illegible], નાશ થયો મારો—ક્યાં પુત્ર

૩૨

ત્રિલોચન—દોડો દોડો બળવાખોરો માર મારવા આવ્યા છે;

એકટરો—મારો ખૂબ ખૂબ હાથે આવ્યો છે એ પાજી

કર્ણદાસ અને કવિરાજ—શેઠ અમારા પૈસા ખાવામાં બહુ સારા ફાવ્યા છે-પીરો—

ત્રિલોચન—ના ના.

એકટરો—ચરબી એની તાવો તાજી.

રસમણી—એ છે બદમાશ, કરે નોકરનો નાશ;

પોતે કરતો વિલાસ, એવો દ્યો આજ ત્રાસ.

ત્રિલોચન—તમને સમજાવું શેણે ?

એકટરો—વળશે ન કાંઇ કે'ણે.

પોઝીશનમાં પૂળો મૂકો પૈસા મૂકો પાસ— દોડો દોડો.

કવિરાજ:— ૩૩

કેવી ભજવી ભવાઇ, બોલો મારા સરદાર;

ભંભેરી ભોળાઓને, કેવા કીધા તૈયાર !—

માની બેઠો 'તો પાજી, એ પોતાને બદમાશ;

ખવડાવ્યો કેવો આજે, એને જૂતીનો માર !—

જન્મારો કાનાદાવા કીધા એણે આવા;

પણ એની ચાલાકીનો, મેં તોડી નાખ્યો તાર !—

થઇ છે રસમણી પણ મારી, પ્યારી એ હૈયા હાર;

એની જોબન વાડીનો; હું માળી ને મુખ્તાર !—

રસમણી— ૩૪

સંસારમાંહી વરીને રહીશું ભલીભાત,

દુનિયા આ ભૂંડી રખે ને કરે કૈં ભૂંડી વાત;

ફટફટ આ જીવડો થાયે તોતો દિવસને રાત— સંસાર.

કવિરાજ—

કર ચિન્તા ન જરા લગ એ ...મ.

લગ્નરાજા બની ઘો'

થઇ ગયે છે,...

રસમણી—

હું ય ફેરા ફરીશ ચાર, ઘુંઘટો તાણી;

મન મલકાવી સખી હર્ષે ગીતડાં ગાશે.

કવિરાજ—

દુશ્મનના હૈયે થશે એથી હોળી ખરેખાત- સંસાર.

વીરકાંત— ૩૫

ચાલો હવે કર શસ્ત્ર ધરી નીચ પાપી અરિને વિદારો;

વસંતસિંહ—

આ તલવાર ચલાવી રણે જયમાળા ગળામાંહી ધારો- ચાલો

સર્વ—

યમ બની કરવો પ્રહાર, શત્રુઓની થાય હાર;

વીરકાંત—

આજે અસિ આ હસિ ગજાવે—

સર્વ—

ડરી મરી ન્હાસે શત્રુ શિયાળવાં-જોતાં મહા મૃગરાજ- ચાલો.

સર્વ સૈનિકો અને સરદારો— ૩૬

મ્યાનોથી તેગ આ સવેગ ખેંચી લો-

અરિ વિદારીને વિલાસથી ફરો—

મનમાં શૂરનર જરા નહીં ડરો—

રણમાં શત્રુઓને મારો કે મરો.

પડો તો નામ રાખી નર બહાદુરો—

શત્રુ રક્ત તિલક ભાલમાં કરો—

થઇને કાળ શત્રુ શીશપર ચઢો—

પાછળે નહીં હટો આગળજ વધો વધો—

રણધીર ખેલી જીવપર રણમાં લડો લડો—

...ળે નહીં હટો-આગળજ વધો વધો—

મના સમ... ...માં સુભટ નરો—

મ્યાનોથી ...


સર્ગ— ૩૭

આમોદે મન સુમન ખીલ્યું, વિજય થયો—
સહુ ગાઓ મંગળગાન મળી ઉમંગ પ્રસંગ સુરંગ થતાંજ
તન શોક ગયો—રે મન સુમન ખીલ્યું વિજય થયો.
રવિ નારાયણ આજે સુખનો, ગગને ઉદિત થઇ પ્રકાશે,
તમ વિનાશે, જન વિલાસે, મન વિકાસે,
આજ રાજ તાજ ધારી રાજતા જ આ સિંહાસને—રે મન

સમાપ્ત

થઇ ગયું છે

ચસ્મા પેબલના ચસમા.



ખાસ વિલાયતથી મંગાવેલ ખરા પેબલના ચસ્મા અમારે ત્યાંથી ઘણાજ ઓછા ભાવથી મળે છે.

વિલાયતમાં પાસ થયેલા આખના ડાક્ટર બળવંતરાય નરસીંહલાલ કાનુગાને અમારે ત્યાં ડાકટરી ચસ્માની પેટીમાંથી આંખ તપાસી ચસ્માનો નંબર મફત કાઢવા માટે રોકવામાં આવ્યા છે.

ચસ્માની ફ્રેમો નીકલની, એલ્યુમીનીમની, રોલ્ડગોલ્ડ ફેરેટ વીગેરે દરેક જાતની ફ્રેમો ઘણાજ ઓછા ભાવથી મળે છે.

ચસ્માનું રીપેર કામ ઘણા ઓછા ભાવથી કરવામાં આવે છે. મોતીઆના ચસ્મા અમારે ત્યાંથી મળે છે.

અમારે ત્યાંથી લીધેલા પેબલના ચસ્મા એક વરસ સુધી પૈસા લીધા વીના નંબર બદલી આપવામાં આવે છે.

એક વરસ પછી લીધેલા ચસ્મા અગર જુના પેબલના ચસ્માનો નંબર ફક્ત રૂપૈયો એક લેઈ કાચ ફેરફાર કરી આપવામાં આવે છે. ખાસ જૈનના સાધુ સાધ્વીઓને માટે નફો લીધા વિના ચસ્મા આપવામાં આવે છે.

આ ઉપરાંત અમારે ત્યાં પ્રાઇમસના ચુલા તથા નીચે પ્રમાણે માલ વેચાય છે. માટે સદ્‌ગૃહસ્થોને અમારી દુકાનની મુલાકાત લેવા ખાસ ભલામણ કરીએ છીએ.

દરેક જાતની ઇંગ્રેજી દવાઓ ખોરાકી સામાન ગ્લાસવેર, એનેમલવેર, ક્રોકરી કટલરી, દરેક જાતની ચાહ, કાફી, સીગાર, એન્ડ સીગારેટ, તંબાકુ, સ્ટેશનરી, ટોઇલ્ઝ કામ, પરફ્યુમરી, સેન્ટ, દરેક જાતનો સાબુ, એસીડ, વીગેરે કીફાયત ભાવથી વેચાય છે.

ચુનીલાલ મયાચંદ મહેતા.

નં. ૨૬૧૪—અમદાવાદ.

—ાં ભી